## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સર... આફ્રીકન બેંક ડેલીગેશન સાથે મીટીંગ માટે આપણાં સ્ટાફમાંથી આ બંનેને મીટીંગ માટે મોકલશું... જેથી તેઓને... હોમલી ફીલ થાય...!!

# મહુન્દ્રા પાટીયા પાસે હાઈવે પર ત્રિપલ એકસીડન્ટ : ત્રણ ઘાયલ

**કોટા સ્ટોન ભરીને જતી ટ્રકને ટક્કર વાગતા સ્ટોન ઉછળ્યા ને એક મજુર સ્ટોન નીચે ફસાઈ ગયો : પાછળથી અથડાયેલી ડમ્પરમાં બે ફસાયા : ત્રણેયને પોલિસ અને ફાયરબ્રિગેડે મળીને બચાવી લીધા**

ગાંધીનગર, તા.૨૧ નેશનલ હાઈવે નં. ૮ ચિલોડા-હિંમતનગર હાઈવે પર મહુન્દ્રા પાટીયા પાસે આજે વહેલી સવારે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયા બાદ પાછળથી આવતી આઈવા ડમ્પર પણ ટ્રકમાં ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં ડમ્પરના ડ્રાઈવર-કલીનર અને ટ્રકમાં પાછળ બેઠેલો એક મજુર ફસાઈ જતાં ત્રણેયને પોલિસ અને ફાયરબ્રિગેડની ટીમે બચાવી લીધા હતા. ત્રણેય ઘાયલોને હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. જે પૈકી એક ઘાયલના પગમાં ગંભીર ઈજાઓ થવા પામી છે.







મળતી માહિતી મુજબ આજે વહેલી સવારે ચિલોડા-હિંમતનગર હાઈવે પર જતી ટ્રકની પાછળ બીજી ટ્રક ઘુસી ગઈ હતી. આ બંને ટ્રકોનો અકસ્માત થયો તે જ સમયે પાછળથી ધસમસતી આવતી આઈવા ડમ્પર આ અકસ્માત ગ્રસ્ત ટ્રકની પાછળ ઘુસી જતા ત્રિપલ અકસ્માત સર્જાવા પામ્યો હતો. આગળની ટ્રક લઈને ચાલક નીકળી ગયો હતો. તેમાં કોઈને ઈજા પણ થઈ ન હતી પરંતુ તેની પાછળની ટ્રકમાં કોટા સ્ટોન ભરેલા હતા તે કોટા સ્ટોનની ઉપર એક મજુર બેઠો હતો. અકસ્માત સર્જાતા કોટા સ્ટોન ઉછળ્યા હતા અને મજુર સ્ટોનની નીચે ફસાઈ ગયો ને કોટા સ્ટોન તેની ઉપર ગોઠવાઈ ગયા હતા. તો બીજી તરફ પાછળથી ટકરાયેલી ડમ્પરનો ખુડદો બોલી જતા કલીનર અને ડ્રાઈવર બંને ફસાઈ ગયા હતા. ગાંધીનગર ફાયર બ્રિગેડ ઓફીસર મહેશ મોડની ટીમના સિનિયર ફાયરમેન ચિનુભાઈ કાફલા સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પોલિસ તથા ફાયરબ્રિગેડની ટીમે મળીને ત્રણેયને રેસ્કયુ કરી બચાવી લીધા હતા. ત્રણેય ઘાયલોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી નથી. ચિલોડા પોલિસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# કારકીર્દી માર્ગદર્શન વિશેષાંકનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૨૧ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના વિદ્યાર્થીઓમાં કારકીર્દીની પસંદગીમાં ધોરણ-૧૦ અને ૧૨ ના વર્ષો મહત્વની ભૂમિકા ભજવતા હોય છે. વિદ્યાર્થીઓ યોગ્ય કારકીર્દી પસંદ કરી તેમનું ઉજ્જવળ ભાવિ નિર્માણ કરે એ માટે રાજ્ય સરકાર પરિણામલક્ષી નિર્ણાયક પગલાં લઈ રહી છે.



રાજ્યના માહિતી ખાતા દ્વારા ગુજરાત રોજગાર સમાચારનાં કારકીર્દી માર્ગદર્શન વિશેષાંકને વિમોચીત કરતા મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વાલીઓને તેમના બાળકોના વિદ્યા અભ્યાસમાં આર્થિક અનુકૂળતા ઉભી થાય એ માટે રાજ્ય સરકારે ફી નિર્ધારણનો સહાયપૂર્ણ નિર્ણય કરી રાજ્યના લાખો વિદ્યાર્થીઓના હિતની સુપેરે ચિંતા કરી છે.

ચાર વિભાગોમાં વિભાજીત આ રોજગાર સમાચાર કારકીર્દી માર્ગદર્શન વિશેષાંકમાં ધોરણ-૧૦ અને ૧૨ બાદ જરૂરી ઉપલબ્ધ વિવિધ અભ્યાસક્રમો ઉપરાંત અનુસ્નાતક કક્ષાના વિકલ્પો સહિત મોટિવેશનલ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજ્યની તમામ જિલ્લા માહિતી કચેરીઓ તથા એજન્સીઓ દ્વારા કારકીર્દી માર્ગદર્શન વિશેષાંકની પ્રતિ નકલ રૂ. ૨૦ની નજીવી કિંમતે પ્રાપ્ત કરી શકાશે.

આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી ડૉ. જે. એન. સિંઘ, મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવ સુશ્રી એસ. અપર્ણા, માહિતી સચિવ શ્રી અશ્વિની કુમાર, માહિતી નિયામક શ્રી એ. જે. શાહ, અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલ, સંયુકત માહિતી નિયામક શ્રી પુલક ત્રિવેદી, નાયબ માહિતી નિયામક શ્રી પંકજ મોદી ઉપસ્થિત રહ્યા હતા.

## આવતીકાલે સમસ્ત લેઉઆ પાટીદાર સમાજની માહિતી પુસ્તકનું વિમોચન

ગુજરાતની મહાજાતિ લેઉઆ પાટીદાર સમાજ આજથી ૨૦૦૦ વર્ષ પૂર્વે અડાલજ ખાતે આવીને વસી હતી અને તેમની સાથે જ તેઓ - તેમના કુળદેવી તરીકે ધન-ધાન્યની અધિષ્ઠાત્રી દેવી અન્નપૂર્ણાને સાથે લાવ્યા હતા. આથી વિશ્વના સમસ્ત લેઉઆ પાટીદારો માટે અડાલજ એ સંસ્કૃતિધામ અને આસ્થા સ્થાન ગણાય છે. વેદો, પુરાણો, ઈતિહાસ, લેઉવા પુરાણ અને જાણકારોના મત પ્રમાણે 'માં અન્નપૂર્ણા' લેઉઆ પાટીદારોની કુળદેવી હોવાના અનેક પૂરાવા અને મંદિરો મળ્યા છે. આવી અનેક વિગતો દર્શાવતા પુસ્તકનું વિમોચન શ્રી નરહરિભાઈ અમીનના હસ્તે તા. ૨૩-૫-૨૦૧૭ના રોજ ૭.૩૦ કલાકે મા અન્નપૂર્ણા ધામ, અડાલજ ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ભાવિક ભક્તોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ છે.

# સ્વ. રાજીવ ગાંધીની પુણ્યતિથી નિમિત્તે પુષ્પાંજલિ સહિત દર્દીઓને ફળ વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૧ આધુનિક ભારતના શિલ્પી, ભારત રત્ન એવા દિવંગત વડાપ્રધાન



રાજીવ ગાંધીએ દેશની એકતા અને અખંડિતતા કાજે જાન ન્યોછાવર કરી શહીદી વહોરી વિશ્વને નવી જ રાહ ચિંધનારા ભારત વર્ષના વડાપ્રધાને દેશમાં પંચાયતી રાજ પ્રણાલિકાને મજબૂત બનાવી પ્રજાને સત્તા સુપ્રત કરી હતી. તેમની ૨૬મી પુણ્યતિથી ૨૧ મે ના કાળા દિવસને ભારત વર્ષના પ્રજાજનો સદભાવના દિવસ તરીકે મનાવે છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા સમગ્ર દેશમાં અનેકવિધ સેવાકીય કાર્યક્રમો યોજવા સુચના આપી છે. જે અન્વયે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા જુનાગઢ ખાતે ઉપરાંત રાજ્યના દરેક શહેર-જિલ્લા મથકોએ રાજીવજીની પુણ્યતિથી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજવા અપાયેલી સુચનાથી ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સવારે ૧૦.૩૦ કલાકે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય, સે. ૨૨ ખાતે સ્વ. રાજીવજીને પુષ્પાંજલિ આપીને છાશ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુભાઈ પટેલ, ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, જીતેન્દ્રસિંહ સોલંકી, ફૂલસિંહ ઝાલા, સુહાગ પંચાલ, રાકેશ જાની, નટવરસિંહ ડાભી, નરેન્દ્રસિંહ ડાભી, અજીતસિંહ ઠાકોર, કિરીટસિંહ વાઘેલા, વિરેન્દ્રસિંહ ઝાલા, રણવીરસિંહ રાઠોડ, સિદ્ધરાજસિંહ સોલંકી, નારણ મકવાણા, મિતુલ જોશી, પ્રકાશ વાઘેલા, અશ્વિન દવે, નસીર ધોબી, અસલમ શેખ, અભષેક પટેલ વિગેરે આગેવાનોએ ગાંધીનગર



સિવિલ હોસ્પિટલ ખાતે ૪૫૦ જેટલા દર્દીઓને ફળ-બિસ્કીટનું વિતરણ કર્યુ હતું. તેવું જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવ્યું છે.

આ ઉપરાંત ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પણ સ્વ. રાજીવ ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જે પ્રસંગે શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, પૂર્વ પ્રમુખ મુકેશ પટેલ, કોર્પોરેશન વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કાઉન્સીલર ચીમનભાઈ વિંઝુડા, ઈન્દુબેન રાવલ, તેજાભાઈ દેસાઈ ઝોન-૧ના પ્રમુખ, અશ્વિનભાઈ ટાપરિયા, રાકેશ જાની, ઈશ્વરભાઈ દેસાઈ, સવિતાબેન ડાભી, જશીબેન શ્રીમાળી, હંસાબેન પરમાર, અશ્વિનભાઈ દવે, અંકિત બારોટ, ચંદુભાઈ વર્મા સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા અને ૫૦૦ લીટરથી વધુ છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

## પ્રાથમિક શાળાઓમાં ૪૧૬ વર્ગખંડોની ઘટ

ગાંધીનગર જિલ્લામાં એક તરફ શાળા પ્રવેશોત્સવની તડામાર તૈયારીઓ શરૂ થઈ છે તો બીજી તરફ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૪૧૬ જેટલા વર્ગખંડોની આજે પણ ઘટ પ્રવર્તી રહી છે. ૩૦-૧૧-૧૬ની સ્થિતિ એ જિલ્લામાં ૪૧૬ વર્ગખંડોની ઘટ જણાઈ છે. આ ખૂટતા ઓરડાઓ હવે આગામી વર્ષમાં તબક્કાવાર નિર્માણ કરવાની વ્યુહરચના તંત્ર એ અપનાવી છે.

છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ૨૦૦ જેટલા વર્ગખંડોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આગામી વર્ષે પણ ૧૦૦ જેટલા વર્ગખંડોનું નિર્માણ કરાશે.



**સુઘડ કેનાલ પાસે કવોલીસ પલ્ટી મારીને ઉંધા માથે થઈ ગઈ..!**

ગાંધીનગર નજીક કોબાથી તપોવન સર્કલ તરફ જતા માર્ગ પર સુઘડ નર્મદા કેનાલ પાસે આજે બપોરે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જીજે ૨ આર ૯૭૧૧ નંબરની ટોયોટા કવોલીસ ગાડી આ માર્ગ પરથી પસાર થઈ રહી હતી તે દરમિયાન અચાનક કોઈ કારણોસર ડ્રાઈવરે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા કેનાલના પુલ ઉપર ગાડી પલ્ટી મારીને ઊંધા માથે થઈ ગઈ હતી. આ અકસ્માતમાં સદભાગ્યે કોઈ જાનહાની થવા પામી ન હતી. જો કે મોડી સાંજ સુધી અડાલજ પોલિસ સ્ટેશનમાં આ મામલે કોઈ ગુનો પણ નોંધાવા પામ્યો ન હતો.

# રાજયમાં નવી ૨૪૬ સ્કૂલોને મંજૂરી આપવાનો નિર્ણય

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારીની બેઠકમાં આજે રાજયભરમાં નવી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલો શરૂ કરવાની મંજૂરી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં પુખ્ત વિચારણાના અંતે રાજયમાં માધ્યમિકની ૧૦૮ અને ઉચ્ચત્તર માધ્યમિકની ૧૩૮ મળી કુલ નવી ૨૪૬ સ્કૂલોને મંજૂરી આપવાનો બોર્ડ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જયારે માધ્યમિકની ૨૮૨ અને ઉચ્ચત્તર માધ્યમિકની ૯૦ મળી કુલ ૩૭૨ નવી સ્કૂલો શરૂ કરવા અંગેની અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી. બોર્ડ દ્વારા વિધિવત્ મંજૂરી આપી દેવાયા બાદ હવે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (ડીઈઓ) કચેરી દ્વારા જે તે સ્કૂલોની સંપૂર્ણ તપાસ હાથ ધરાયા બાદ તેઓને કાયમી ધોરણે મંજૂરી અપાશે. આગામી દિવસોમાં બોર્ડની બેઠક બોલાવી બાકી સ્કૂલોની મંજૂરીની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની અત્યારસુધી નવ જેટલી કારોબારી સમિતિની બેઠક મળી ચૂકી છે, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલોને મંજૂરી આપવા અંગેની પુખ્ત વિચારણા હાથ ધરાઈ હતી અને જરૂરી પુરાવાઓ સહિતના સઘળા પાસાઓ અને નિયમો ધ્યાનમાં લેવાયા હતા.

# સ્વર્ણિમ સંકુલ કરતાં સચિવાલયના બ્લોકમાં કામ કરતા સરકારી કર્મચારીઓ વધુ ખૂશ છે

ગાંધીનગરના સચિવાલયમાં આવેલા બ્લોકમાં જે ઠંડક છે તે સ્વર્ણિમ સંકુલના બે બ્લોકમાં નથી. સચિવાલયના બ્લોકમાં જે મોકળાશ છે તે સ્વર્ણિમ સંકુલમાં નથી. બન્ને જગ્યાએ કામ કરતાં કર્મચારીઓમાં અદેખાઈ દેખાઈ રહી છે. બ્લોકમાં કામ કરતા કર્મચારીઓ વધુ ખૂશ છે, કારણ કે તેમને સચિવાલયની દિવાલો પ્રિય લાગે છે. કચેરીમાં બેસીને વધારે કામ થાય છે. બીજી તરફ અત્યાધુનિક સુવિધાથી સજ્જ એવું સ્વર્ણિમ સંકુલ કન્ઝકટેડ લાગે છે. જયારે મુલાકાતીઓની સંખ્યા વધી જાય છે ત્યારે ત્રાહિમામ પોકારી જવાય છે પરંતુ સચિવાલયમાં જેટલા મુલાકાતીઓ આવે છે તેટલા સમાઈ જાય છે અને બેસવાની કે એક બ્લોકમાંથી બીજા બ્લોકમાં જવાનું સુગમ રહે છે. એક સિનિયર મંત્રીના અંગત સચિવે કહ્યું હતું કે અમારે માટે તો સચિવાલયનો બ્લોક-૧ બેસ્ટ હતો. અમને બ્લોકમાં બેસીને કામ કરતા અધિકારીઓ તેમજ કર્મચારીઓની અદેખાઈ આવે છે.

**કહેવાય છે ટ્વિન સિટી પરંતુ પાટનગર માટે એ.સી. બસ શરૂ થતી નથી**

**● અમને મેટ્રો નહીં તો રિવરફ્રન્ટ તો આપો...**

ગાંધીનગરને રિવરફ્રન્ટ ક્યારે મળશે તવો પ્રશ્ન સચિવાલયમાં એક મુલાકાતીએ પૂછ્યો હતો તો તેને જવાબ મળ્યો કે- થંભી જાવ, વિધાનસભાની ચૂંટણી આવે છે ત્યારે ભાજપના ચૂંટણી ઢંઢેરામાં રિવરફ્રન્ટની જોગવાઈ કરવામાં આવનાર છે. અમદાવાદમાં બન્ને કાંઠે રિવરફ્રન્ટની યોજના સાકાર બની ચૂકી છે પરંતુ ગિફ્ટ સિટી જ્યાં આવેલી ત્યાં રિવરફ્રન્ટની યોજનામાં જોઈએ તેવી પ્રગતિ થતી નથી. સરકાર હાલ તો ગાંધીનગરને મેટ્રોરેલ પ્રોજેક્ટ આપવાના મૂડમાં નથી ત્યારે કમસે કમ રિવરફ્રન્ટ આપે તો લોકોને પિકનિક મનાવવાનું એક નવું સ્થળ મળી શકે. સરકાર બીઆરટીએસ ગાંધીનગર સુધી લંબાવવાની પણ જાહેરાત કરી ચૂકી છે પરંતુ આ પ્રોજેક્ટ સાબરમતી આવીને અટકી ગયો છે.

**● વાહન છે- તો ગમે ત્યાં રોડ પર પાર્ક કરો...**

ગુજરાતમાં જ્યાંથી કાયદા બને છે તે શહેર ગાંધીનગરમાં જ કોઈ કાયદા નથી તેવું લાગે છે. શહેરના રાજમાર્ગો પર બેફામ સ્પીડે વાહનો ચાલે છે. કોમર્શિયલ સેન્ટરો પાસે વાહનો પાર્ક કરવાની જગ્યા નથી. લોકો રોડ વચ્ચે વાહનો મૂકીને જતા રહે છે. ખાસ કરીને સચિવાલયની સામે આવેલા કોમર્શિયલ સેક્ટર-૧૧માં ટ્રાફિક નિયમનનો અભાવ છે. પહેલાં કોર્પોરેશનની દબાણ શાખાની ગાડીઓ રસ્તા વચ્ચે પાર્ક કરેલા વાહનો ઉપાડી જતી હતી પરંતુ તે સર્વિસ પણ હવે તો બંધ થઈ ગઈ છે. સેક્ટર-૨૧ના મુખ્ય શોપીંગની પણ આવી હાલત છે. ન્યૂ ગાંધીનગરની હાલત તો તેનાથી પણ વધુ ખરાબ છે. ખાણી-પીણીની હોટલો આવેલી છે તે રિલાયન્સ ચાર રસ્તા પાસે આખા માર્ગ પર વાહનો પાર્ક કરેલા જોવા મળે છે છતાં મ્યુનિસિપલ કે ગુડાનું તંત્ર પાર્કિંગનું નિયમન કરાવી શકતું નથી.

**● એસીએસના પ્રમોશનની લાઇન મોટી છે...**

એડિશનલ ચીફ સેક્રેટરી તરીકેનું પ્રમોશન મેળવવા માટે ઘણાં ઓફિસરો લાઈનમાં હતા પરંતુ સરકારે માત્ર ફુડ એન્ડ સિવિલ સપ્લાયના પ્રિન્સિપલ સેક્રેટરી સંગીતા સિંઘને જ પ્રમોશન આપ્યું છે. તેમના હસબન્ડ અને એગ્રીકલ્ચર એન્ડ કોઓપરેશનના પ્રિન્સિપલ સેક્રેટરી સંજય પ્રસાદને ભવિષ્યમાં એડિશનલ ચીફ સેક્રેટરી તરીકે પ્રમોશન મળવાના ચાન્સ છે કે જ્યારે હોમ વિભાગના એસીએસ એમ.એસ.ડાગુર મે ૨૦૧૮માં વયનિવૃત્ત થશે. પંકજકુમાર, વિપુલ મિત્રા, રાજીવ ગુપ્તા અને પી.ડી.વાઘેલા એસીએસના પ્રમોશન માટેના અન્ય હક્કદાર સનદી અધિકારીઓ છે.

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

**● એસટીમાં એલઇડી ટીવી- વોટ અ જોક...**

ગુજરાત એસટીમાં ફીટ કરવામાં આવેલા એલસીડી ટીવીની હાલત દયાજનક છે. કોઈ બસમાં ટીવી નથી. કોઈ બસમાં ટીવી બંધ છે. કોઈ બસમાં માત્ર એક જ કલરમાં ટીવી દેખાય છે. જો કે રાજ્ય એસટી નિગમની બસોમાં મુસાફરોના મનોરંજન માટે ફીટ કરવામાં આવેલા ટીવી મૂંગા હોય છે, કારણ કે તેનો અવાજ અને એસટીનો અવાજ મેચ થતો નથી. આ ટીવી સેટ્સ શોભાના ગાંઠીયા જેવા દેખાય છે. મુસાફરો તો તેમના મોબાઈલમાં મસ્ત હોય છે પછી આ મૂંગા ટીવી જોવાનો કોને અવસર મળે, અને અવસર હોય તો પણ જૂના જમાનાની મૂંગી ફિલ્મો જોતાં હોય એવું લાગે છે. આ એલસીડી ટીવી ફિટ કરવાનો આઈડિયા ફેઈલ ગયો છે. એસટીએ એની જગ્યાએ પીવાના પાણીના જગ મૂકવા જોઈએ કે જેથી મુસાફરો તરસ લાગે તો પાણી પી શકે..

**કોંગ્રેસ આવે છે... બાપુ જાય છે... કોંગ્રેસ સોશ્યલ મિડીયામાં વાયરલ**

**● સિંઘ ઇઝ કિંગ- મુકીમ સાહેબનો ચાન્સ....**

ગુજરાતના ચીફ સેક્રેટરી જે.એન.સિંઘ એમ્પેનલ્ડ થયા છે પરંતુ થોડા સમય પહેલાં તેમણે દિલ્હી જવાનો ઈન્કાર કર્યો હતો. હવે સચિવાલયમાં એવી ચર્ચા ચાલી છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ એટલે કે ડિસેમ્બર પછી તેઓ ડેપ્યુટેશન પર દિલ્હી જઈ રહ્યાં છે. તેમનો ટેન્યોર ૨૦૧૯ સુધી છે. જો તેઓ દિલ્હી જવાનું નક્કી કરે તો તેમની જગ્યાએ એટલે કે ચીફ સેક્રેટરીના પદ માટે સૌથી પ્રબળ દાવેદાર અનિલ મુકીમ માનવામાં આવે છે. તેઓ હાલ ફાયનાન્સ ડિપાર્ટમેન્ટમાં એસીએ તરીકે ફરજ બજાવે છે. ગુજરાતનો એ રેકોર્ડ રહ્યો છે કે ફાયનાન્સમાં હોય તે વ્યક્તિ ચીફ સેક્રેટરી થાય છે.

**● મુસાફરો શેકાય છે, હવે તો એસી બસ દોડાવો...**

ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે દોડતી એસટી બસની સર્વિસનો વહીવટ કથળી ગયો છે. લખેલા સમય પ્રમાણે એકપણ બસ નિયમિત નથી. મુસાફરો ખાનગી વાહનોમાં મોતની મુસાફરી કરી રહ્યાં છે. કહેવાય સિસ્ટર સિટી પરંતુ બન્ને શહેરો વચ્ચે પબ્લિક ટ્રાન્સપોર્ટેશનની સુવિધા તદ્દન રેઢિયાળ પુરવાર થઈ છે. અમદાવાદના મુસાફરો એરકન્ડીશન્ડ બીઆરટીએસ બસમાં મુસાફરી કરે છે જ્યારે ગાંધીનગરના મુસાફરો આટલી અસહ્ય ગરમીમાં શેકાઈ રહ્યાં છે. મુસાફરોની હાલત દયાજનક હોય છે. તેઓ ઈચ્છી રહ્યાં છે કે સરકાર અમારા માટે એરકન્ડીશન્ડ બસો શરૂ કરાવે. ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે એસી બસ સર્વિસ શરૂ થાય તો તે મુસાફરોને પરવડે તેમ છે, કારણ કે એસટી કરતાં વધુ ભાડું તેઓ ખાનગી વાહનોમાં ચૂકવી રહ્યાં છે.

**● ઓફિસરોમાં વિદેશ પ્રવાસની મોસમ...**

દિલ્હીની જેમ ગુજરાતમાં વિદેશ પ્રવાસની મોસમ ખુલી છે. ગુજરાતના શહેરી વિકાસ વિભાગના એસીએસ પુનમચંદ પરમાર ચાઈના અને યુકેના પ્રવાસે જઈ રહ્યાં છે. સચિવાલયમાં એવી ચર્ચા છે કે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ સ્પેન જાય છે ત્યારે તેમની સાથે તેઓ જોડાઈ શકે છે. જો તેઓનો ચાન્સ નહીં લાગે તો અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર મુકેશકુમાર સ્પેન જાય તેવી સંભાવના છે. પુનમચંદ બાકીના બે કન્ટ્રી ચાઈના અને યુકે તો જઈ રહ્યાં છે અને તેનું કન્ફર્મેશન મળી ચૂક્યું છે. તેમનું ક્લિયરન્સ પણ થઈ ગયું છે. બીજી તરફ વિજય નહેરા પણ એબ્રોડ માટે લાંબી સ્ટડી લિવ પર જઈ રહ્યાં છે. સરકારના બીજા અધિકારીઓ જેવાં કે પંકજકુમાર, એલ. ચુઆંગો, અંજુ શર્મા, સંગીતાસિંઘ જેવા અધિકારીઓએ પણ સ્ટડી લિવ માટે પરમિશન માગી છે.

**સચિવાલયમાં વિદેશ પ્રવાસની મોસમ, અધિકારીઓને એબ્રોડ જવું છે**

**● કોંગ્રેસ આવે છે- બાપુ જાય છે કે આવે છે?...**

વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનું સૂત્ર છે કે કોંગ્રેસ આવે છે... ક્યાં આવે છે તો કહે છે કે સત્તામાં આવે છે. ભાજપના આટલા વર્ષોના શાસન પછી કોંગ્રેસના પ્રદેશ નેતૃત્વને પરિવર્તન દેખાઈ રહ્યું છે પરંતુ જનતાને દેખાતું નથી. જનતાનો મૂડ જ અલગ છે. ગુજરાતની જનતા આજેપણ મોદીમય છે. મોદી આવે એટલે લોકો ખૂશ.. ભલે મોદી મુખ્યમંત્રી ન હોય પરંતુ ગુજરાતની જનતા તેમના કરિશ્માની દિવાની છે. કોંગ્રેસ એક થાય તો આવે ને... એવું એક સિનિયર નેતાએ કહ્યું છે. તેઓ કહે છે કે કોંગ્રેસ પહેલાં તો એ નક્કી કરવું પડશે કે બાપુ આવે છે કે બાપુ જાય છે... સોશ્યલ મિડીયામાં લોકો ટીખળ એવી કરે છે કે કોંગ્રેસ આવે કે ન આવે, બાપુ તો જાય છે...પણ ક્યાં... તો કહે- માતૃસંસ્થામાં...!!